રાજ્યના પોલીસ હકૂમતના વિસ્તાર અંગેના જાહેરનામા પ્રસિદ્ધ કરવા બાબતે દરખાસ્ત કરતી વખતે ધ્યાને લેવાની બાબતો અંગે.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
પરિપત્ર ક્રમાંક : પસથ/૧૦૨૦૧૦/૧૦૯૨/પાર્ટ-૧/સ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ ૧૬/૦૬/૨૦૨૫

વંચાણે લીધા :-

(૧) ગૃહ વિભાગના તારીખ ૦૮/૦૩/૨૦૨૨ના પરિપત્ર ક્રમાંક : પસથ/૧૦૨૦૧૦/૧૦૯૨/પાર્ટ-૧/સ.

પરિપત્ર :-

રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને સંગીન બનાવવા, લોકોને પડતી અગવડને નિવારવા તથા વહીવટી અનુકૂળતા સારૂ નવા વિભાગીય પોલીસ અધિક્ષકશ્રીની કચેરીઓ તથા નવા પોલીસ સ્ટેશનો બનાવવામાં આવતા હોય છે. ઉપરાંત હયાત પોલીસ સ્ટેશનોના વિસ્તારોમાં જરૂરી ફેરફાર કરવામાં આવતા હોય છે. જે અંતર્ગત રાજ્યના પોલીસ સ્ટેશનોના પોલીસ હકૂમતના વિસ્તારો અંગે અત્રેથી જાહેરનામાં પ્રસિદ્ધ કરવામાં આવે છે.

રાજ્યમાં કમિશનરેટ વિસ્તારનું જાહેરનામું Bombay Police Act, 1951 હેઠળ તથા ગ્રામ્ય વિસ્તારનું જાહેરનામું Section 2 of the Code of Criminal Procedure, 1973 (2 of 1974) હેઠળ પ્રસિદ્ધ કરવામાં આવતું હતું. ત્યાર બાદ વંચાણે લીધા ક્રમાંક (૧)માં દર્શાવેલ તારીખ ૦૮/૦૩/૨૦૨૨ના પરિપત્રથી સમગ્ર રાજ્યના પોલીસ હકૂમતના વિસ્તારો અંગે Section 2 of the Code of Criminal Procedure, 1973 (2 of 1974) હેઠળ પ્રસિદ્ધ કરવામાં આવતું હતું. વર્ષ-૨૦૨૩થી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ અમલમાં આવતા રાજ્યના પોલીસ હકૂમતના વિસ્તારો અંગેનું જાહેરનામુ Clause (u) of sub-section (1) of section 2 of the Bharatiya Nagarik Suraksha Sanhita, 2023 (46 of 2023) અંતર્ગત બહાર પાડવામાં આવે છે.

અનુભવે જણાય આવેલ છે કે, તાબાની કચેરીઓ દ્વારા રાજ્યનાં પોલીસ હકૂમતના વિસ્તારો અંગેનાં જાહેરનામાં પ્રસિદ્ધ કરવા બાબતે કરવામાં આવેલ દરખાસ્તોમાં ઘણી અસ્પષ્ટતા અને ક્ષતિઓ ધ્યાને આવેલ છે તથા દરખાસ્ત નિયત નમૂના મુજબની હોતી નથી. આથી પોલીસ હકૂમતના વિસ્તારો અંગેના જાહેરનામાની દરખાસ્ત તૈયાર કરતી વખતે નીચેની બાબતો ધ્યાને લઈ દરખાસ્ત કરવાની રહેશે.

- રાજ્યના જે-તે જિલ્લામાં કોઇ નવી એસ.ડી.પી.ઓ. (વિભાગીય પોલીસ અધિક્ષક)ની કચેરી મંજૂર થયેલ હોઇ, તો તે નવી મંજૂર થયેલ એસ.ડી.પી.ઓ.ની કચેરીનું જાહેરનામુ પ્રસિદ્ધ કરવાનું રહે છે. આ સંદર્ભે મંજૂર થયેલ નવી એસ.ડી.પી.ઓ.ની કચેરીમાં સમાવેશ કરવાના થતા પોલીસ સ્ટેશનોને કયા હયાત એસ.ડી.પી.ઓ.(વિભાગીય પોલીસ અધિક્ષક)ની કચેરીમાંથી લેવામાં આવેલ છે તેનો દરખાસ્તમાં સ્પષ્ટ ઉલ્લેખ કરવાનો રહેશે.

- મંજૂર થયેલ નવી એસ.ડી.પી.ઓ.ની કચેરીના પોલીસ હકૂમતના વિસ્તારને જે-તે હયાત એસ.ડી.પી.ઓ.ની કચેરીના પોલીસ હકૂમતના વિસ્તારમાંથી લેવામાં આવેલ હોવાથી જે-તે હયાત એસ.ડી.પી.ઓ.ની કચેરીનો વિસ્તાર પણ પ્રભાવિત થતો હોય હયાત એસ.ડી.પી.ઓ.ની કચેરીના પોલીસ હકૂમતના વિસ્તારનું પણ સુધારા જાહેરનામુ પ્રસિદ્ધ કરવાનું હોય છે. જેથી જે-તે હયાત એસ.ડી.પી.ઓ. તથા નવી મંજૂર થયેલ એસ.ડી.પી.ઓ.ની કચેરીના પોલીસ હકૂમતના જાહેરનામાંની સંયુક્ત દરખાસ્ત કરવાની રહેશે. જેમાં પ્રથમ હયાત એસ.ડી.પી.ઓ. તથા ત્યારબાદ નવી મંજૂર થયેલ એસ.ડી.પી.ઓ. જેમાં ડીવીઝન/સબ ડીવીઝન, તાલુકા, પોલીસ સ્ટેશન તથા પોલીસ સ્ટેશન હેઠળની પોલીસ ચોકી/બીટ, આઉટ પોસ્ટ તથા લોકલ એરીયા/ગામોનો સમાવેશ કરી ડીવીઝન વાઇઝ પોલીસ સ્ટેશનના રંગીન નકશા સહિત સ્વયંસ્પષ્ટ દરખાસ્ત કરવાની રહેશે.

- નવી સેવા અંતર્ગત રાજ્યમાં કોઇ નવું પોલીસ સ્ટેશન મંજૂર થયેલ હોઈ અથવા કોઈ હયાત પોલીસ સ્ટેશનની આઉટ પોસ્ટને પોલીસ સ્ટેશનમાં અપગ્રેડ કરવામાં આવેલ હોઈ તો તે નવું મંજૂર થયેલ પોલીસ સ્ટેશન અથવા અપગ્રેડ થયેલ પોલીસ સ્ટેશનનું પોલીસ હકૂમતના વિસ્તાર અંગેનું જાહેરનામુ પ્રસિદ્ધ કરવાનું રહે છે. જેમાં નવા મંજૂર થયેલ પોલીસ સ્ટેશનના વિસ્તારને કયા હયાત પોલીસ સ્ટેશનના વિસ્તારમાંથી લેવામાં આવેલ છે તેનો દરખાસ્તમાં ઉલ્લેખ કરવાનો રહેશે. તથા હયાત પોલીસ સ્ટેશનનો વિસ્તાર પણ પ્રભાવિત થતો હોવાથી તેનું પણ સુધારા જાહેરનામુ પ્રસિદ્ધ કરવાનું થતું હોય છે. આથી હયાત પોલીસ સ્ટેશન તથા મંજૂર થયેલ નવું પોલીસ સ્ટેશન કે અપગ્રેડ થયેલ પોલીસ સ્ટેશનના પોલીસ હકૂમતના વિસ્તાર અંગેની સંયુક્ત દરખાસ્ત કરવાની રહેશે.

- રેવન્યુ રાહે રાજ્યના કોઇ ગામ/ગામોને એક તાલુકામાંથી બીજા તાલુકામાં તબદીલ કરેલ હોઈ તથા જે-તે તબદીલ થયેલ ગામના લોકોને રેવન્યુ કામો તથા પોલીસ સ્ટેશનના કામો માટે અગવડ પડતી હોઇ તો તેઓની રજૂઆતોને ધ્યાને લઈ તે ગામ/ગામોને જે-તે પોલીસ સ્ટેશનમાંથી કમી કરી, સમાવેશ કરવાના થતા પોલીસ સ્ટેશન હેઠળના કયા ચોકી/બીટ કે આઉટ પોસ્ટ હેઠળ સમાવેશ કરવો તેનો સ્પષ્ટ ઉલ્લેખ કરી દરખાસ્ત કરવાની રહેશે.

- પોલીસ હકૂમતના વિસ્તારોના જાહેરનામાની દરખાસ્ત તૈયાર કરતી વખતે વિભાગ કક્ષાએથી પ્રસિદ્ધ થયેલ મુળ જાહેરનામા કે સુધારા જાહેરનામાને ધ્યાને રાખી દરખાસ્ત તૈયાર કરવાની રહેશે. તથા અગાઉ પ્રસિદ્ધ થયેલ જાહેરનામા હેઠળના કોઇ વિસ્તારને દરખાસ્ત હેઠળના સૂચિત જાહેરનામામાં સમાવેશ કરવાનો રહી ન જાય તે પણ જોવાનું રહેશે. તથા જો કોઈ નવો વિસ્તાર ઉમેરાયેલ હોઈ તો તેના આધાર પુરાવા સાથે દરખાસ્ત કરવાની રહેશે.

- તાબાની કચેરીઓ દ્વારા દરખાસ્ત સીધી વિભાગ કક્ષાએ ન કરતા પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર મારફત કરવાની રહેશે. પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરીએ દરખાસ્તની યોગ્ય સમીક્ષા કરી જરૂર જણાય તો પૂર્તતા મેળવી ત્યારબાદ વિભાગ કક્ષાએ દરખાસ્ત મોકલી આપવાની રહેશે.

- પોલીસ હકૂમતના વિસ્તાર અંગેના જાહેરનામાનો નિયત નમૂનો આ સાથે સામેલ છે. જેથી નિયત નમૂના મુજબની દરખાસ્ત કરવાની રહેશે.

ઉપર્યુક્ત મુદ્દાઓને ધ્યાને રાખી સૂચિત જાહેરનામાની દરખાસ્ત તૈયાર કરી ત્યારબાદ વિભાગ કક્ષાએ મોકલી આપવા સંબંધિતોને સૂચના આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અનિતા ઝુલા)
નાયબ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, પોલીસ ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સર્વે પોલીસ કમિશનરશ્રી.
- પોલીસ મહાનિરીક્ષકશ્રી(વહીવટ), પોલીસ ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- સર્વે પોલીસ અધિક્ષકશ્રી.
- શાખા સિલેક્ટ ફાઈલ.
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઈલ.

(ગૃહ વિભાગના તારીખ ૧૬/૦૬/૨૦૨૫ના પરિપત્ર ક્રમાંક : પસથ/૧૦૨૦૧૦/૧૦૯૨/પાર્ટ-૧/સ સાથેનું બિડાણ)

**Notification**
**Home Department,**
**Sachivalaya, Gandhinagar.**
**Dated the ……………..**

**Bharatiya Nagarik Suraksha Sanhita, 2023.**

No……………………..:- In exercise of the powers conferred by clause (u) of sub-section (1) of section 2 of the Bharatiya Nagarik Suraksha Sanhita, 2023 (46 of 2023) in its application to the State of Gujarat, the Government of Gujarat hereby amends,- ……………………………………………..

Schedule

| Sr. No. | Division/Sub Division | Taluka | Police Station | Police Chowky(s) /Beat | Out Post | Local Areas /Villages |
|---|---|---|---|---|---|---|
| (1) | (2) | (3) | (4) | (5) | (6) | (7) |
| | | | | | | |